## કુપોષણ મુક્ત ખેડા જીલ્લો

# ઠાસરા તાલુકાના રૂદ્ર રાઠોડની કુપોષણથી સુપોષણ સુધીની સફર



ઠાસરા,

ગુજરાત રાજ્યમે વિવિધ ક્ષેત્રમાં વિકાસના અનેક સોપાનો સર કરી પ્રગતિના પંથે હરણફાળ ભરી છે. ગુજરાત રાજ્યની ભવ્ય અને વિકસિત આવતકાલ સુનિશ્ચિત કરવા રાજ્યના નાના ભૂલકાઓ સ્વસ્થ અને તંદુરસ્ત રહે તે અતિ આવશ્યક છે અને એટલે જ સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ થકી રાજ્યના તમામ બાળકોની સ્વસ્થ અને તંદુરસ્ત રાખવા રાજ્યનું આરોગ્ય વિભાગ તથા સંકલિત બાળ વિકાસ વિભાગ કાર્યરત છે. ત્યારે NFHS-5ના સર્વે અનુસાર ખેડા જીલ્લામાં નોંધાયેલ અતિ-કુપોષિત બાળકોનું પોષણ સ્તર ઊંચું લાવવા અને ખેડા જીલ્લાને કુપોષણ મુક્ત કરવા માટે જીલ્લા વિકાસ અધિકારી શિવાની ગોયલ અગ્રવાલ દ્વારા એક પહેલ કરવામાં આવી છે.

NFHS-5ના સર્વે અનુસાર ખેડા જીલ્લામાં ગળતેશ્વર, ઠાસરા અને મહુધા તાલુકામાં અતિ-કુપોષિત (Severe Acute Mal-nutrition-SAM) બાળકોનું પ્રમાણ અન્ય તાલુકાની સાપેક્ષમાં વધુ જોવા મળ્યું હતું. માટે કુપોષણને દૂર કરવાના અભિગમ સાથે સપ્ટેમ્બર ૨૦૨૩થી ગળતેશ્વર, ઠાસરા અને મહુધા તાલુકામાં કુપોષણ મુક્ત ખેડા પાઈલોટ પ્રોજેક્ટની શરૂઆત કરવામાં આવી હતી. આ પ્રોજેક્ટમાં અતિ-કુપોષિત બાળકોની સાથે ગંભીર ચિહ્નવાળી સગર્ભા (High Risk ANC) બહેનોને પણ આવરી લેવામાં આવી હતી.

આ પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત ખેડા જીલ્લાના ઠાસરા તાલુકાના જશુના મુવાડા ખાતે રહેતા રૂદ્ર પરેશભાઈ રાઠોડની કુપોષણથી સુપોષણ સુધીની સફર જાણવા જેવી છે. કુપોષણ મુકત ખેડા અભિયાન અંતર્ગત જશુના મુવાડા સેજાની ખેરાના મુવાડા આંગણવાડી કેન્દ્રમાં RBSKની ટીમ દ્વારા સપ્ટેમ્બર ૨૦૨૩માં સ્ક્રીનીંગની કામગીરી દરમિયાન અઢી વર્ષના રૂદ્રનું વજન ૮.૦૦૦ કિ. ગ્રા અને તેની ઊંચાઈ ૮૬ સે. મી. માલૂમ પડતા તેને અતિકુપોષિત (લાલ ગ્રેડ) કેટેગરીમાં નોંધવામાં આવ્યો હતો. રૂદ્રને ખાવા પ્રત્યે અરૂચિ હોવાના કારણે તેના વજનમાં સતત ઘટાડો જોવા મળતો હતો.

જીલ્લા આર. બી. એસ. કે. ટીમ અને આંગણવાડી કાર્યકર્તાઓના સતત મોનીટરીંગ દ્વારા રૂદ્રના વજનની નિયમિત ચકાસણી કરવામાં આવી. તેને નિયમિતપણે જરૂરી પૌષ્ટિક આહાર આપવામાં આવતા તેના સ્વાસ્થ્યમાં અને તેના વજનમાં સુધારો જોવા મળ્યો. સતત બે મહિનાના આ પ્રયાસો બાદ ડિસેમ્બર ૨૦૨૩માં રૂદ્રનું વજન ૧૧.૯૦૦ કિ. ગ્રા. અને તેની ઊંચાઈ ૮૯ સે.મી. નોંધાતા તેના માતા પિતાએ જાણે હાશકારો અનુભવ્યો હતો.

જશુના મુવાડા સેજાની ખેરાના મુવાડા આંગણવાડી કેન્દ્ર ખાતે રૂદ્રને નિયમિત સવારનો નાસ્તો, બપોરનું ભોજન તેમજ સાંજે ત્રીજા ભોજનમાં ફળ, દૂધ, ટી.એચ.આર.ના લાડુ, હૈદરાબાદી મિક્સ જેવી પૌષ્ટિક વાનગીઓ મળતા તેની ખાવા પ્રત્યેની રૂચીમાં વધારો જોવા મળ્યો હતો. આમ બે મહિનાના સતત પ્રયાસો અને મોનીટરીંગથી ૨.૮૦૦ કી. ગ્રા. વજનનો વધારો જોવા મળ્યો. વજનના સુધારાની સાથે સાથે રૂદ્રના શારીરિક અને માનસિક વિકાસમાં પણ સુધારો જોવા મળ્યો હતો.

રૂદ્રના માતા તુલસીબેન પરેશભાઈ રાઠોડ જણાવે છે કે, આઈ.સી.ડી.એસ. અંતર્ગત શરૂ કરવામાં આવેલ કુપોષણ મુક્ત ખેડા પાયલોટ પ્રોજેક્ટ થકી છેલ્લા ૩ મહિનામાં રૂદ્રના સ્વાસ્થ્યમાં ઘણો સુધારો જોવા મળ્યો છે. તેનું વજન વધ્યું છે અને તે ખોરાક પણ સારી રીતે લઈ શકે છે. આંગણવાડી કેન્દ્રના કાર્યકરો દ્વારા તેને નિયમિત પૌષ્ટિક આહાર તરીકે બાળશક્તિના પેકેટ્સ આપવામાં આવે છે અને આર.બી.એસ.કે. ટીમ દ્વારા તેનું સતત મોનીટરીંગ પણ કરવામાં આવે છે.

વધુમાં તેઓ જણાવે છે કે, આંગણવાડીની બહેનો દ્વારા ગર્ભાવસ્થા સમયથી લઈ બાળકની ડીલીવરી સુધી કાળજી રાખવામાં આવે છે અને કુપોષણ મુકત ખેડા અભિયાન હેઠળ હાલમાં બાળકના જન્મ બાદ કેટલા પ્રમાણમાં ખવડાવવું, કેવા પ્રકારનું કઠોળ, અનાજ ખાવું અને માતા સાથે સાથે બાળકને તમામ પોષક તત્વો મળી રહે તેની જાણકારી આંગણવાડી વર્કર બહેનો દ્વારા વિવિધ કાર્યક્રમોના આયોજન થકી આપવામાં આવે છે. રૂદ્રના વજન અને શારીરિક વિકાસથી એક માતા તરીકે તેઓ ખુબજ ખુશ છે. અને તેમના બાળકને આ પ્રોજેક્ટ થકી લાભ આપવા બદલ રાજ્ય સરકારનો, ખેડા જીલ્લાની આરોગ્યની ટીમ, આંગણવાડી વર્કર, તેમજ આશા વર્કરનો આભાર માને છે.

કુપોષણ મુક્ત ખેડા પાયલોટ પ્રોજેક્ટ દરમિયાન ગળતેશ્વર, ઠાસરા અને મહુધા તાલુકાના ૧૫૦ અતિ કુપોષિત (Severe Acute Malnutrition) બાળકોની સારવાર કરતા તેમાંથી ૧૪૦ બાળકો અતિકુપોષણ માંથી બહાર આવ્યા તેમજ ૫૯ જોખમી સગર્ભા (High Risk ANC) બહેનોની સારવાર કરવામાં આવી. જેમાં ૩૨ સગર્ભાની સુરક્ષિત પ્રસૂતિ કરવામાં આવી. કુપોષણ મુક્ત ખેડા પાયલોટ પ્રોજેક્ટની આ સફળતા બાદ હવે કુપોષણ મુક્ત ખેડા અભિયાનનું જીલ્લા કક્ષાએ અમલીકરણ થશે. જે અંતર્ગત જીલ્લાના ૧૦ તાલુકામાં ૫૦૦ અતિ કુપોષિત બાળકોને આવરી લઈ પ્રોજેક્ટનું અમલીકરણ કરવામાં આવનાર છે. જેમાં આ બાળકો અને માતાઓને RBSK ટીમ તથા આઈ.સી.ડી.એસ વિભાગ દ્વારા સતત મોનીટરીંગ કરી તેમના સ્વાસ્થ્ય અને પોષણની દરકાર લેવામાં આવશે.

ઉલેખનીય છે કે, કુપોષણ મુક્ત ખેડા પાયલોટ પાયલોટ પ્રોજેક્ટ દરમિયાન જીલ્લાના આરોગ્ય અને ICDS વિભાગના સંકલનથી, ઓગષ્ટ અને સપ્ટેમ્બર ૨૦૨૩ દરમિયાન, રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ (RBSK) ની ૩૫ ટીમ દ્વારા જીલ્લાની ૧૯૦૦ થી પણ વધુ આંગણવાડીમાં નોંધાયેલ ૦–૬ વર્ષના બાળકોની આરોગ્ય તપાસણી (સ્ક્રીનીંગ) કરવામાં આવી છે.

# ખેડા, અમદાવાદ, વડોદરા અને ભાવનગર જિલ્લાના ગ્રામીણ વિસ્તારની વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં મુખ્યમંત્રી સહભાગી થયા



ગાંધીનગર,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અધિકારીઓ, પ્રજાજનો અને ચૂંટાયેલા જનપ્રતિનિધિઓના ત્રિવેણી સંગમના સહયોગથી વિકસિત ભારત સંકલ્પ યાત્રાને જ્વલંત સફળતા મળી છે તેવો સ્પષ્ટ મત વ્યક્ત કર્યો છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નાનામાં નાના અને છેવાડાના માનવી સુધી સરકારની કલ્યાણ યોજનાઓના લાભ ઘેરબેઠા પહોંચાડવાની પ્રતિબદ્ધતા સાથેનો મોદીજીની ગેરંટીનો રથ ગામેગામ વ્યાપક જનપ્રતિસાદ મેળવી રહ્યો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત મંગળવારે રાજ્યના ખેડા, અમદાવાદ, ભાવનગર અને વડોદરા જિલ્લાઓના ગ્રામ્ય વિસ્તારોમાં યોજાયેલી યાત્રામાં ઉપસ્થિત ગ્રામજનો તથા યાત્રાના રથના સારથિઓ અને યોજનાકીય લાભોની માહિતી લોકો સુધી પહોંચાડનારા યાત્રાના ફિલ્ડ સ્ટાફના કર્મયોગીઓ સાથે વિડિયો કોન્ફરન્સ દ્વારા સંવાદ કર્યો હતો. તેમણે કહ્યું કે, દેશના ગામડાઓમાં વસનારા છેવાડાના માનવીને પણ તેને મળવાપાત્ર યોજનાકીય લાભ પહોંચાડવાની સાથે ગ્રામ્યસ્તર સુધી સરકારને લઈ જવાનો વડાપ્રધાનશ્રીનો નવતર વિચાર આયોજનબદ્ધ રીતે પાર પડી રહ્યો છે. લોકોમાં હવે વિશ્વાસ અને ભરોસો જાગ્યો છે કે મોદીજીની ગેરંટીનો આ રથ તેમના ગામમાં આવતાં જ સરકારની યોજનાના લાભ તેમને મળશે. મુખ્યમંત્રીશ્રીએ જે લોકોએ આવા લાભ મેળવ્યા છે, તેમને અનુરોધ પણ કર્યો કે તેમની આસપાસના જે લોકો લાભ લેવાથી વંચિત રહ્યા છે તેમને પણ કલ્યાણ યોજનાઓનો લાભ અપાવે અને આંગળી ચિંધ્યાનું પૂણ્ય મેળવે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ યાત્રા સાથે જોડાયેલા કર્મયોગીઓને પ્રેરણા આપતા કહ્યું કે, જનસેવા એ જ પ્રભુસેવાને સાકાર કરવાનો અવસર તેમને મળ્યો છે ત્યારે જનજન સુધી યોજનાના લાભ આપી પાર પાડવાનું દાયિત્વ તેઓ નિભાવે. ભૂપેન્દ્ર પટેલે ખેડા જિલ્લામાં પહોંચેલી આ વિકસિત ભારત સંકલ્પ યાત્રાનાં રથના ચાલક સાથે તેમને યાત્રા દરમિયાન થયેલા અનુભવો, યોજનાઓ વિશે જાણવા સમજવાની લોકોની ઉત્સુકતા અંગે તથા દોઢ-બે મહિનાથી પોતાના ઘર-પરિવારથી દૂર રહી ગામડાઓ ખૂંદતા આ સારથીની સેવાપરાયણતા અંગે લાગણીસભર સંવાદ કર્યો હતો. ખેડૂતોને ડ્રોન ટેક્નોલોજીથી દવા છંટકાવનું નિદર્શન આપતા ડ્રોન ઓપરેટર પાસેથી ગ્રામીણ ખેડૂતો દ્વારા થતા અનુભવો અંગેની માહિતી પણ મુખ્યમંત્રીશ્રીએ મેળવી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિકસિત ભારત સંકલ્પ યાત્રાથી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈનો વિકસિત ભારતજ૨૦૪૭નો સંકલ્પ પાર પાડવામાં ગુજરાત હંમેશાંની જેમ વિકસિત ગુજરાતથી વિકસિત ભારત દ્વારા અગ્રેસર રહેશે તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો. આ વિકસિત ભારત સંકલ્પ યાત્રા રાજ્યના ૧૨,૫૦૦થી વધુ ગામોમા પૂર્ણ થઈ છે. ૧૧ હજારથી વધુ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતીની જાણકારી મેળવી છે.

આ ઉપરાંત ૧૧,૩૦૦થી વધુ ગ્રામ પંચાયતોમાં લેન્ડ રેકર્ડ ડિજિટાઈઝેશન ૧૦૦ ટકા પૂર્ણ થયું છે અને ૧.૬૬ લાખ ખેડૂતોને પ્રધાનમંત્રી કિસાન ક્રેડિટ કાર્ડ યોજનાના અને ૨૬.૩૫ લાખથી વધુ પ્રધાનમંત્રી જનઆરોગ્ય પી.એમ.જે.એ.વાય. કાર્ડ ઈશ્યુ કરવામાં આવ્યા છે, તેની વિસ્તૃત વિગતો પંચાયત અગ્ર સચિવ શ્રીમતી મોના ખંધારે આપી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે આ વિડિયો કોન્ફરન્સમાં પંચાયત રાજ્યમંત્રી બચુભાઈ ખાબડ, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી પંકજ જોષી, વિકાસ કમિશ્નર વગેરે ઉપસ્થિત રહ્યા હતા. જે-તે યાત્રા સ્થળોએ સાંસદશ્રી, પૂર્વ મંત્રીશ્રી, ધારાસભ્યશ્રીઓ અને વિશાળ સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા.

# મહીસાગર જીલ્લાના નાની સરસણ અને મોટી સરસણ ગામે ''વિકસિત ભારત સંકલ્પ યાત્રા''નું ગ્રામજનો દ્વારા ઉષ્માપૂર્ણ સ્વાગત


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

મહીસાગર,

મહીસાગર જીલ્લાના ગામે ગામ ભ્રમણ કરી રહેલી ''વિકસિત ભારત સંકલ્પ યાત્રા'' સંતરામપુર તાલુકાના નાની સરસણ અને મોટી સરસણ ગામે પહોંચતા સ્થાનિક ગ્રામજનોએ સંકલ્પ યાત્રાનું ઉષ્માપૂર્ણ સ્વાગત કર્યું હતું.

આ પ્રસંગે ગ્રામજનોએ સંકલ્પ રથના માધ્યમથી સરકારની વિવિધ લોક કલ્યાણકારી યોજનાઓની માહિતી આપતી ટૂંકી ફિલ્મ નિહાળી હતી. વધુમાં ગ્રામજનોએ વિકસિત ભારતના નિર્માણમાં પોતાની સહભાગીદારી અદા કરવા માટે સામૂહિક સંકલ્પબદ્ધ થયા હતા. મહાનુભાવોએ પણ ગ્રામજનોને સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ લેવા માટે અનુરોધ કર્યો હતો.

કાર્યક્રમમાં વિવિધ પેમ્પ્લેટ્સ, બેનરો દ્વારા ગ્રામજનોને સરકારની ફ્લેગશીપ યોજનાઓની માહિતી પૂરી પાડવામાં આવી હતી. ઉપરાંત ઉભા કરવામાં આવેલા સ્ટોલ્સ દ્વારા પણ ગ્રામજનોની વિના મૂલ્ય આરોગ્ય તપાસ, આયુષ્યમાન કાર્ડ અંગેની માહિતી અને લાભ, ઉજ્જ્વલા યોજના, વૃદ્ધ સહાય, વિધવા સહાય, પ્રધાનમંત્રી ગરીબ અન્ન કલ્યાણ સહિતની તમામ યોજનાઓ અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા.

આ તકે પદાધિકારીઓ, સ્થાનિક અગ્રણીઓ, અધિકારીઓ, સંબંધિત વિભાગના કર્મચારીઓ, લાભાર્થીઓ સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ગોધરા લીલેસરા રોડ ટીવી સ્ટેશન પાસે જુગાર રમતા ત્રણ ઈસમોને પોલીસે ઝડપ્યા

ગોધરા,

ગોધરા લીલેસરા રોડ ઉપરથી ટીવી સ્ટેશન પાસે ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો જુગાર રમતા હોય તે સ્થળે એલ.સી.બી.પોલીસે રેઈડ કરી ૩ ઈસમોને ઝડપી પાડી અંગઝડતી અને દાવ ઉપર મુકેલ ૧૧,૯૫૦/–રૂપીયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો. આ બાબતે બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા લીલેસરા રોડ ઉપર ટીવી સ્ટેશન પાસે ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો જુગાર રમતા હોય તે સ્થળે એલ.સી.બી.પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન અસજદ શોક્ત ભટુક, અલ્તાફ હારૂન મીસ્ત્રી, યુનુસ મજીદ બોકડાને ઝડપી પાડયા હતા. ઝડપાયેલ ઈસમોની અંગઝડતીમાં ૩,૧૫૦/–રૂપીયા રોકડ તેમજ દાવ ઉપર મુકેલ ૮,૮૦૦/–રૂપીયા મળી કુલ ૧૧,૯૫૦/–રૂપીયાનો મુદ્દામાલ જપ્ત કરી આ બાબતે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે જુગારધારા હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

# મોરવા(હ)ના ખાનપુર અને સુલીયાત રોડ ઉપર બાઈક ચાલક ટ્રાફિક સીગ્નલ સાથે અથડાઈ જતાં બાઈક ચાલકનું મોત

મોરવા(હ),

મોરવા(હ) તાલુકાના ખાનપુર ગામે સુલીયાત જતા રોડ ઉપર બાઈક ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી પુલના છેડે લગાવેલ ટ્રાફિક સીગ્નલ બોર્ડ સાથે અથડાવી માથા અને શરીરના ભાગે ઈજાઓ થતાં ઘટના સ્થળે ચાલકનું મોત નિપજાવા પામ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ મોરવા(હ) તાલુકાના ખાનપુર ગામેથી સુલીયાત જતા રોડ ઉપરથી બાઈક નં.જીજે.૧૭.સીએફ.૮૩૭૦ના ચાલક ચિરાગ ઉર્ફે જીગો રઘુનાથસિંહ રાઠોડ ઉ.વ.૨૦ ( વાડોદર, મોરવા(હ)) પુરઝડપે પસાર થતા હોય અને પોતાની બાઈક પુલના છેડે લગાવેલ ટ્રાફિક સિગ્નલના બોર્ડ સાથે ધડાકાભેર અથડાવી દેતાં ચાલક ચિરાગ ઉર્ફે જીગો રાઠોડને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યું હતું. આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# પાવાગઢ મંદિર ચોરીના વોન્ટેડ બે આરોપીઓને રાજકોટના જામકંડોરણા વીમલ નગરથી LCBએ ઝડપ્યા



પાવાગઢ,

પાવાગઢ પોલીસ મથકમાં મંદિરમાં થયેલ ઘરફોડ ચોરીના ગુન્હામાં નાસતા ફરતા વોન્ટેડ આરોપીઓ અંગે એલ.સી.બી. પોલીસને મળેલ બાતમીના આધારે રાજકોટના જામકંડોરણા વીમલનગરની ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો મુજબ પાવાગઢ પોલીસ મથકમાં મંદિર થયેલ ઘરફોડ ચોરીના ગુન્હામાં બે આરોપીઓ માનસીંગભાઈ બદીયાભાઈ ભાભોર (રહે. ગાંગરડી, તા.ગરબાડા), મનુભાઈ ચંદુભાઈ ઉર્ફે ચંદીયાભાઈ પરમાર(રહે. ગાંગરડી, તા.ગરબાડા) વોન્ટેડ નાસતા ફરતા આરોી હોય આરોપીઓ અંગે એલ.સી.બી.પોલીસને બાતમી મળી હતી કે, બન્ને આરોપીઓ રાજકોટના જામકંડોરણા વીમલનગર ખાતે મજુરી કામ કરે છે. તેવી બાતમીના આધારે એલ.સી.બી.પોલીસના કર્મચારીઓ બાતમીવાળા ગામે વોચ ગોઠવી તપાસ કરતા બન્ને આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા અને પાવાગઢ પોલીસને સોંપવામાં આવ્યા છે.

# પંચમહાલ જીલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં શિક્ષણ નિરીક્ષક ગોધરાની છોટાઉદેપુરમાં ડીપીઓ તરીકે નિમણૂંક



ગોધરા,

શિક્ષણ નિરીક્ષક તરીકે જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી ગોધરા ખાતે ફરજ બજાવતા ગોધરા નિવાસી જશવંતભાઈ ખાતુભાઈ પરમારનું છોટાઉદેપુર જીલ્લા ખાતે જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી તરીકે નિમણૂંક થતાં પંચમહાલના શિક્ષણ જગત અને સમાજમાં આનંદ વ્યાપી ગયો છે. તેમનું પ્રમોશન થતાં તેમના સર્જક મિત્રો વિનુ બામણીયા, કૌશિક પટેલ, સતીષ ચૌહાણ, ડો. રાજેશ વણકર, શૈલેષ ચૌહાણ સાહિત્યના મિત્રોએ અભિનંદન પાઠવ્યા હતા. નોંધનીય છે કે, જસવંત પરમાર કાલોલ તાલુકામાં પ્રાથમિક શિક્ષક તરીકે જોડાયા બાદ ઉત્તરોતર પરીક્ષાઓ આપી ક્લાસ ટુ તરીકે નિમાયા બાદ હાલ તેઓની કલાસ વન તરીકેની નિમણૂંક થતાં જીલ્લાભરના શિક્ષકો, સર્જકો તથા સમાજ માંથી શુભેચ્છાઓ મળી રહી છે.

# ધારાસભ્યના અધ્યક્ષ સ્થાને મોરવા(હ) તાલુકાના મોરા ખાતે કાર્યક્રમ યોજાયો



ગોધરા,

પંચમહાલ જીલ્લાના મોરવા(હ)તાલુકાના મોરા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા પહોંચતા લોકોએ ઉમંગભેર સ્વાગત કર્યું હતું. મોરવા(હ)ના ધારાસભ્ય નિમિષાબેન સુથારના અધ્યક્ષસ્થાને કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમમાં ખેતીવાડી,આરોગ્ય વિભાગ, ગ્રામ વિકાસ,મિશન મંગલમ, આઈ.સી.ડી.એસ, પી.એમ. ઉજ્જ્વલા યોજના તેમજ સેવાસેતું અંતર્ગત સરકારના સંલગ્ન વિભાગોના સ્ટોલ લગાવીને કુલ ૬૧૩ લોકોને લાભાન્વિત કરાયા હતા. જેમાં ૪૦૫ લોકોના સ્વાસ્થ્યની ચકાસણી કરાઈ હતી. જ્યારે ૦૫ લોકોને પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના, સ્વાસ્થ્ય ચકાસણી–૧૧૬, ખેતીવાડી–૩૭, પશુપાલન–૯૭, પીએમજેજેવાય–૧૫, સિકલ સેલ ટેસ્ટીગ–૨૫, વિશ્વકર્મા–૨૭, આધાર કાર્ડ–૨૦, વારસાઈ–૦૩, આયુષ્યમાન ભારત કાર્ડ–૮૫,સમાજ સુરક્ષા–૦૩, વિધવા વૃધ સહાય –૦૨ અંતર્ગત લાભ અપાયો હતો.

મોરા ખાતે શ્યામા પ્રસાદ મુખર્જી યોજના અંતર્ગત નવીન બસ સ્ટેશન તેમજ મોરા ગ્રામ પંચાયત કચેરીનું ધારાસભ્ય નિમિષાબેન સુથારના વરદ્હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં જીલ્લા અગ્રણી ધવલભાઈ દેસાઈ, મોરવા(હ) એ.પી.એમ.સીના ચેરમેન હરદીપસિંહ જાદવ, મદદનીશ કમિશ્નર ખોરાક અને ઔષધ વિભાગ પંચમહાલ ગોધરા, મામલતદાર ગોપાલદાસ હરદાસાની, તાલુકા વિકાસ અધિકારી ઉમેદસિંહ સોલંકી સહિત બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# આપની આજ.......

મેષ : જો કોઈ રૂપિયા ફસાયેલા છે તો તેને પ્રાપ્ત કરવા માટે સમય અનુકૂળ છે. વાહન સાવધાની પૂર્વક ચલાવવું જરૂરી છે. પતિ-પત્ની તથા પરિવારના સભ્યો વચ્ચે ચાલી રહેલાં મતભેદ દૂર થશે.

વૃષભ : આધ્યાત્મિક ગતિવિધિઓમાં પણ રસ રહેશે. ઘરનું વાતાવરણ સુખદ અને સુખમય રહેશે. આ સમયે આર્થિક પક્ષ થોડો નબળો રહી શકે છે. જોખમી કાર્યો કરવાથી બચવું.

મિથુન : થોડા સાવધાન રહો, નજીકના લોકો જ તમારી સાથે વિશ્વાસઘાત કરી શકે છે. કોઈ પણ નિર્ણય સમજી-વિચારીને લેવો. વધારે વ્યસ્તતાના કારણે ઘરમાં વધારે ધ્યાન આપી શકશો નહીં.

કર્ક : લાંબા સમયથી ચાલી રહેલી કોઈ ચિંતા દૂર થશે. વધારે મહેનતના કારણે નસમાં દુખાવો થઈ શકે છે. કોઈ વિરોધી તમારા માટે નકારાત્મક પરિસ્થિતિઓ તો બનાવશે, પરંતુ તમે તેનાથી મુક્તિ મેળવવામાં સમર્થ પણ રહેશો. વ્યાવસાયિક સ્થિતિમાં સુધાર આવશે.

સિંહ : ભાઈઓ સાથે ચાલી રહેલો મતભેદ દૂર કરવામાં તમારી વિશેષ ભૂમિકા રહેશે. ખર્ચ વધારે રહેશે પરંતુ ગભરાશો નહીં. આ ખર્ચ તમારા થોડા સારા માટે રહેશે. લગ્નજીવન મધુર જળવાયેલું રહેશે.

કન્યા : ઘરનું વાતાવરણ સુખદ રહેશે. જમીનને લગતા મામલાઓ અંગે પોઝિટિવ ચર્ચા-વિચારણાં પણ થશે. આજે કાર્યક્ષેત્રમાં કોઈ સોનેરી અવસર હાથમાં આવશે. અચાનક આવેલી મુશ્કેલીથી કોઈ રસ્તો ઉકેલાશે નહીં.

તુલા : તમે તમારાં કાર્યોની વ્યસ્તતા તથા પારિવારિક જીવન વચ્ચે તાલમેલ સારો જાળવશો. વિદ્યાર્થી વર્ગને તેમના અભ્યાસમાં અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. પારિવારિક વ્યવસ્થા તથા તાલમેલ યોગ્ય જળવાયેલો રહેશે.

વૃશ્ચિક : મશીન, સ્ટાફ વગેરે સાથે જોડાયેલી નાની-મોટી પરેશાનીઓ વેપારમાં આવશે. પારિવારિક સુખ-શાંતિની દૃષ્ટિએ સમય ઉત્તમ રહેશે. ભાવુકતા તમારી સૌથી મોટી નબળાઈ છે. તેના ઉપર વિજય મેળવવો ખૂબ જ જરૂરી છે. સરકારી સમસ્યા જે છેલ્લાં થોડા સમયથી ચાલી રહી હતી આજે તેનો શાંતિપૂર્ણ ઉકેલ મળી શકે છે.

ધન : પાડોસીઓ અને સંબંધીઓ સાથે સંબંધમાં કોઈપણ પ્રકારનો મનમુટાવ ન આવે તેનું ધ્યાન રાખો. કાયદાકીય મામલે તમને વિજય પ્રાપ્ત થશે. તમારી વ્યવસાયિક યોજનાઓને સિક્રેટ જ રાખો. સ્વાસ્થ્ય સારું રહેશે.

મકર : વેપાર તથા કારોબારમાં તમારા લક્ષ્યો પ્રાપ્ત કરવા માટે વધારે મહેનત કરવાની જરૂરિયાત છે. કાયદાકીય મામલે કોઈ નિષ્ણાતની સલાહ લો, તમને યોગ્ય સમાધાન મળશે.

કુંભ : ધનને લગતી પરેશાની રહેશે, કોઈ નજીકના મિત્રની મદદથી સમસ્યાનો ઉકેલ પણ મળી જશે. સ્વાસ્થ્ય ઉત્તમ રહેશે. વ્યવસાયને લગતા મામલે કોઈપણ નિર્ણય યોગ્ય સમજીવિચારીને જ લો. સમય મહેનત કરવાનો છે.

મીન : ખોટા વાદ-વિવાદ કે તર્ક-વિતર્કમાં પડશો નહીં. રાજકીય મામલાઓને લઈને સાવધાન રહેવું જરૂરી છે. મોબાઈલ, ઈમેલ દ્વારા કોઈ શુભ સમાચાર પણ પ્રાપ્ત થઈ શકે છે. આ સમયે શેર બજાર, રોકાણ વગેરે જેવી ગતિવિધિઓમાં રસ ન લો. પારિવારિક વ્યવસ્થામાં થોડી બેદરકારી રહેશે.

# ઘોઘંબા તાલુકાના ડ્રાઈવરો દ્વારા મામલતદારને આવેદન આપી કાયદો રદ કરવા માંગ કરી


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના ડ્રાઈવરો દ્વારા નવા કાયદામાં રોડ અકસ્માતમાં ૧૦ વર્ષની સજા અને દંડની જોગવાઈના વિરોધમાં મામલતદારને આવેદન આપી કાયદો શરૂ કરવા માંગ કરી છે.

ભારત સરકાર દ્વારા ભારત સંહિતા કાયદામાં રોડ અકસ્માતના ગુનામાં નવો કાયદો બનાવવામાં આવ્યો છે. જેમાં રોડ અકસ્માત થાય ત્યારે ડ્રાઈવર સ્થળ ઉપર રહે અને જો અકસ્માત બાદ ડ્રાઈવર સ્થળ છોડી નાશી જાય તો ડ્રાઈવરને દશ વર્ષની સજા અને દંડની જોગવાઈ કરવામાં આવી છે. જેના વિરોધમાં ઘોઘંબા તાલુકાના ડ્રાઈવરો દ્વારા વિરોધ સાથે રાષ્ટ્રપતિને સંબોધીને ઘોઘંબા મામલતદારને આવેદન આપવામાં આવ્યું.

## હાલોલ બસ સ્ટેશન પ્લાઝામાં વેપારીને આરોપી ઈસમે

# ATM માંથી પૈસા નિકળતા નથી તેમ કહી વિશ્વાસમાં લઈ બારકોડ મોબાઈલ સ્કેન કરી રૂપીયા ટ્રાન્સફર કરી ૨૨,૪૪૦/-રોકડા તેમજ અન્ય પાસેથી ૧૦ હજાર મળી ૩૨ હજારનું ફ્રોડ કરતાં ફરિયાદ

હાલોલ,

હાલોલ બસ સ્ટેન્ડ પ્લાઝામાં આવેલ મોબાઈલ દુકાન ધરાવતા ફરિયાદી દુકાનદાર પાસ ૧૮ ડિસેમ્બરના રોજ આરોપી ઈસમે આવી દવાખાનામાં રૂપીયાની જરૂર છે. એટીએમ માંથી પૈસા નિકળતા નથી. હું મારા ખાતા માંથી તમને ટ્રાન્સફર કરી આપું અને મને રોકડા આપો તેમ કહી વેપારીને વિશ્વાસમાં લઈ આરોપીએ દુકાનદારના બારકોડ સ્કેન કરી રૂપીયા ટ્રાન્સફર નહિ કરી ૨૨,૪૪૦/–રૂપીયા રોકડ તેમજ અન્ય ઈસમ પાસેથી ૧૦,૦૦૦/–રૂપીયા મળી ૩૨,૪૪૦/–રૂપીયા પડાવી લઈ ઠગાઈ વિશ્વાસઘાત કર્યાની ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ બસ સ્ટેન્ડ પ્લાઝામાં આવેલ મોબાઈલની દુકાન ધરાવતા સફવાન અબ્દુલભાઈ કાલોલીયાની દુકાન ઉપર ૧૮ ડિસેમ્બરના રોજ આરોપી બોબી પ્રદિપભાઈ પાસવાન (હાલ. રહે. જયશ્રી કોલોની, સાથરોટા, મૂળ. ધમની ગાવ, નવાદા, બિહાર) આવ્યો હતો અને મારે દવાખાનામાં રૂપીયાની જરૂર છે. એટીએમ માંથી રૂપીયા નિકળતા નથી. દુકાનદારને હું તમને ખાતામાં ટ્રાન્સફર કરી આપું મને રોકડા રૂપીયા આપો તેમ કહીને વિશ્વાસમાં લીધા હતા અને આરોપી બોબી પાસવાને દુકાનમાં ગ્રાહકો માટે રાખેલ બારકોડ પોતાના મોબાઈલમાં સ્કેન કરી ૨૨,૪૪૦/–રૂપીયા ટ્રાન્સફ નહિ કરી ફરિયાદી પાસેથી રોકડા ૨૨,૪૪૦/–રૂપીયા તેમજ હિમાંશુભાઈ કનુભાઈ શાહ પાસેથી ૧૦,૦૦૦/–રૂપીયા રોકડા મળી કુલ ૩૨,૪૪૦/–રૂપીયા મેળવી લઈ વિશ્વાસઘાત ઠગાઈ કરતાં આ બાબતે હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી.

# દાહોદના જેસાવાડા રોડ ઉપર નગરાળા પાસે સરકારી પડતર જમીન અને તળાવની જમીનમાં મંજુરી વગર ધમધમતા ઈંટોના ભઠ્ઠા સીજ કરાયા



દાહોદ,

દાહોદ તાલુકાના જેસાવાડા રોડ ઉપર નગરાળા ગામે ધમધમતો ઈંટોના ભઠ્ઠો કોઈપણ પ્રકારની વહીવટી તંત્રની મંજૂરી વગર ચાલતો હોવાનું દાહોદના વહીવટી તંત્રના સત્તાધીશો સમક્ષ ત્યારે બહાર આવ્યું કે એક અરજદાર દ્વારા નગરાળા ગામના ઈંટોના ભઠ્ઠા સંદર્ભમાં જીલ્લા સ્વાગત કાર્યક્રમમાં અરજી કરતાં આ સંદર્ભમાં હાથ ધરાયેલ તપાસોમાં આ ઈંટોનો ભઠ્ઠો સરકારી પડતર અને તળાવની સરકારી જમીનમાં વહીવટી તંત્રની કોઈપણ પ્રકારની મંજૂરીઓ વગર ધમધમતો હોવાનું પોત પ્રકાશતા દાહોદ પ્રાંત અધિકારી એન.બી. રાજપુત અને મામલતદાર મનોજ મિશ્રાની ટીમો એ સરકારી પડતર જમીન ઉપર ધમધમતા આ ઈંટોના ભઠ્ઠાને “ સીલ” મારીને કાયદેસર કાર્યવાહી હાથ ધરતા ભારે ચકચાર પ્રસરી જવા પામી છે.

આમ, તો દાહોદ જીલ્લામાં નકલી કચેરી, નકલી ટીડીઓનું હુકમ, જીલ્લા પંચાયત પ્રમુખનું નકલી લેટર બાદ વધુ એક ફણગો બહાર આવતા આશ્ચર્ય ફેલાવવા પામ્યું છે. જેમાં દાહોદ તાલુકાના નગરાળા ગામે જેસાવાડા રોડ પર રેવેન્યુ સરવે નંબર ૩૯૨,૩૯૩ મા સિદ્દીક હારૂન સાજીની માલિકીનું નીલમ બ્રિક્સ નામક ઈટ ઉત્પાદનનો ભઠ્ઠો સરકારી પડતર જમીનમાં વર્ષોથી ધમધમતો હોવાની અરજી યુનુસ કાદર સાજી નામક વ્યક્તિએ કરી હતી. આ અરજી સુનવણી અને અપીલ બાદ સમગ્ર મામલો જીલ્લા સ્વાગત કાર્યક્રમમાં પહોંચ્યો હતો. જ્યાં અરજદારની અરજી સંદર્ભે જીલ્લા સ્વાગત કાર્યક્રમના અધ્યક્ષ દ્વારા આ મામલે તલસ્પર્શી તપાસ હાથ ધરી અતરેલી કચેરીએ હકીકતલક્ષી અહેવાલ સુપ્રત કરવા બાબતે પ્રાંત અધિકારી એન.બી. રાજપુતને આદેશ કરવામાં આવ્યો હતો જે બાદ પ્રાંત અધિકારી એન.બી.રાજપૂત તેમજ દાહોદ મામલતદાર મનોજ મિશ્રાની ટીમ દ્વારા ગતરોજ ઉપરોક્ત નીલમ બ્રિક્સ નામક ચાલતા ઈંટના ભઠ્ઠા પર ઓચિંતી તપાસ હાથ ધરી જરૂરી દસ્તાવેજો કાગળિયા માંગતા ઈતના ભઠ્ઠાના માલિક દ્વારા કોઈપણ પ્રકારના બિનખેતીના અથવા માલિકીના જરૂરી દસ્તાવેજ કાગળિયા રજૂ કરી ન શક્યો હતો. જે બાદ ઉપસ્થિત તંત્રની ટીમે રેકોર્ડની તપાસ હાથ ધરતા આ સમગ્ર ઈંટનો ભઠ્ઠો સરકારી પડતર જમીન, તળાવની જમીન તેમજ નજીકમાં ખેતીની જમીનમાં માત્ર બાનાખતના આધારે કોઈપણ પ્રકારની વહીવટી મંજૂરી વગર ચાલતો હોવાનું સામે આવતા પ્રાંત અધિકારી એન.બી. રાજપુતના આદેશો અનુસાર તંત્ર દ્વારા કાપડ તોડ આ ઈટના ભઠ્ઠાને સીલ મારી આગળની જરૂરી કાગળિયા કાર્યવાહી હાથ ધરતા ચકચાર મચી જવા પામી છે. અત્રે ઉલ્લેખનીય છે કે અરજદાર દ્વારા ગેરકાયદેસર રીતે ધમધમતા ઈટના ભઠ્ઠા સામે જીલ્લા સ્વાગતમાં અરજી કરતા આ સમગ્ર મામલો સામે આવ્યો હશે. તો વિચાર માંગવા જેવી બાબત એ છે કે દાહોદ તાલુકા તેમજ અન્ય વિસ્તારોમાં ચાલતા ઈટના ભઠ્ઠાઓ બિનખેતીના હુકમો, સંમતિપત્ર, એનજીટીની ગાઈડલાઈન, સહિતના સરકાર દ્વારા નક્કી કરેલા માપદંડો તેમજ ધારાધોરણના અનુસાર ચાલે છે કે કેમ ? અથવા ઈટના ભઠ્ઠાના માલિકોને જેટલી જમીનમાં ઈંટોનું ઉત્પાદન કરવા માટે ખાણ ખનીજ તેમાં સંમતિ વિભાગ દ્વારા રોયલ્ટી સ્વરૂપે મંજૂરી મળેલી છે. તેટલી જ જમીનમાં અથવા આમ, કહો કે ક્ષેત્રફળ કે નક્કી કરેલા પેરા મીટરમાં જ ઉત્પાદન કરી રહ્યા છે કે તેનાથી આગળ વધી રોયલ્ટી અને સરકારના નક્કી કરેલા ધારા ધોરણનો ઉલ્લંઘન કરી રહ્યા છે. તે અંગે પણ સમય સમયે સંબંધીત વિભાગ દ્વારા ઓચિંતી ચેકિંગ હાથ ધરવામાં આવે તો સરકારની રેવેન્યુ તો વધે જ સાથે સાથે પર્યાવરણની જાળવણી પણ યોગ્ય રીતે થાય તેમાં કોઈ બેમત નથી.

# ઝાલોદ નગરમાં અયોધ્યાથી આવેલ પવિત્ર અક્ષત કુંભની યાત્રા કાઢી નગરના સમસ્ત મંદિરોના દેવતાઓને આમંત્રણ આપવામાં આવ્યું



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

આગામી તારીખ ૨૨ જાન્યુઆરી એ અયોધ્યા ધામ ખાતે નવીન રામ મંદિરમાં રામ ભગવાનની પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવામાં આવી રહેલ છે. ભગવાન રામના ભવ્ય રાજ્યાભિષેકના કારક્રમને વધાવવા વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ પ્રખંડ તેમજ સનાતન હિન્દુ ધર્મના સહુ લોકો આતુર છે. આ ભવ્ય ઉત્સવના ભાગરૂપે સમગ્ર ભારતમાં મોટા પ્રમાણમાં સનાતન હિન્દુ સમિતિઓ દ્વારા કરવામાં આવેલ છે, તે અનુક્રમે ઝાલોદ નગર માંથી ઝાલોદ તાલુકાના ૯૬ ગામો માટે ૯૬ અક્ષત કુંભ અને ઝાલોદ નગરની વસ્તી માટે ૫ અક્ષત કુંભ એમ કુલ ૧૦૧ કુંભની શોભાયાત્રા શોભાયાત્રા રામજી મૂર્તિ સાથે વિશ્વકર્મા મંદિરે થી કાઢવામાં આવેલ હતી.

વિશ્વકર્મા મંદિરે થી અક્ષત કુંભના રથની પૂજા અર્ચના કરી નગરમાં યાત્રા કાઢવામાં આવી હતી. આ અક્ષત યાત્રામાં વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના સહુ કાર્યકર્તાઓ દ્વારા નગરના દરેક વિસ્તારોમાં આવેલ મંદિરોમાં જઈ અયોધ્યા ખાતે થનાર રામજી ભગવાનની પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં સહભાગી થવા તેમજ ધૂમધામ પૂર્વક દરેક મંદિરોમાં આ ઉત્સવ ઉજવવામાં આવે તે માટે અક્ષત આપી આમંત્રણ આપવામાં આવ્યું હતું. આ અક્ષત યાત્રા જે જે વિસ્તારો માંથી પસાર થતી ત્યાં મોટા પ્રમાણમાં માનવ મહેરામણ ઉમટી યાત્રાનું ફૂલો થી સ્વાગત કરવા ઉમટી પડેલ હતા. આ અક્ષત યાત્રામાં મંદિરોમાં આમંત્રણ આપ્યાં બાદ અયોધ્યા ખાતે ૧૯૯૨ માં કારસેવામા શહિદ થયેલ રાજેશ સોનીના પરિવાર તેમજ કારસેવામા ગયેલ દરેક વ્યક્તિઓને આમંત્રણ આપવામાં આવનાર છે.

આ અક્ષત યાત્રા પછી સતત નગરમાં તેમજ ગ્રામીણ વિસ્તારોમાં જઈ કાર્યકર્તાઓ ૧૫ જાન્યુઆરી સુધીમાં જઈ ઘરે ઘરે જઈ અયોધ્યામાં બનનાર મંદિરની પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં સહુ લોકોને આમંત્રણ આપવા જનાર છે. અયોધ્યામાં રામજીના રાજ્યાભિષેકના અવસરે રામ ભગવાન દ્વારા સમગ્ર હિન્દુ સમાજને અયોધ્યા ખાતે પધારવા આમંત્રણ આપેલ છે. વિશ્વ હિન્દુ પરિષદના આ મેગા અભિયાનમાં સહુ લોકોને જોડાવા આમંત્રણ આપવામાં આવેલ છે.

નગરમાં આ અક્ષત કુંભ યાત્રા વિશ્વકર્મા મંદિર થી થઈ મુવાડા રામજી મંદિર, મુવાડા ચોકડી, બસ સ્ટેશન વિસ્તાર, આંબેડકર ચોક, મોચી દરવાજા, ગીતા મંદિર, કોળી વાડા, મીઠાચોક, રામસાગર તળાવ થઈ લુહારવાડા, વડબજાર થઈ ભરત ટાવર ખાતે યાત્રાનું સમાપન કરવામાં આવ્યું હતું.

# ખંગેલા ચેક પોસ્ટ ઉપર LPG ગેસના કન્ટેનર માંથી ૫૩.૨૮ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો

દાહોદ,

નવા વર્ષના પ્રારંભે જ કતવારા પોલીસે ખંગેલા ચેકપોસ્ટ પર ગોઠવેલ વોચ દરમ્યાન એલપીજી ગેસ ભરવાની કંટેનર ગાડી પકડી પાડી તલાસી લઈ તેમાંથી રૂા. ૫૩.૨૮ લાખની કિંમતના વિદેશી દારૂની પેટીઓ નંગ-૯૭૫ પકડી પાડી તેના ચાલક સહીત બે જણાની અટક કરી રૂા. ૫૦,૦૦ની કિંમતનો મોબાઈલ ફોન તથા રૂપિયા ૨૦ લાખની કિંમતનું કંટેનર મળી રૂા. ૭૩,૩૩૦૦૦નો મુદ્દામાલ કબજે લઈ ગાડીના ચાલક સહીત કુલ છ જણા સામે ગુનો નોંધ્યાનું જાણવા મળ્યું છે.

કતવારા સીનીયર પી.એસ.આઈ એ.પી.પરમાર પી.એસ.આઈ આર.આર.સોલંકી પોતાના સ્ટાફના માણશોને સાથે લઈ થર્ટીફર્સ્ટને લઈ ખંગેલા ચેકપોસ્ટ પર નાકાબંધી કરી આવતા જતાં નાના મોટા તમામ વાહનો પર બાજ નજર રાખી રહ્યા હતા. તે દરમ્યાન સીનીયર પી.એસ.આઈ એ.પી.પરમારને બાતમી મળી હતી કે યુપી-૧૭-એટી-૨૨૯૪ નંબરની એલપીજી ગેસ ભરવાની કન્ટેનર ગાડીમાં વિદેશી દારૂનો જંગી જથ્થો ભરી સુરતાના બુટલેગરને પહોંચાડવા માટે મધ્યપ્રદેશ તરફથી આવી રહી છે. જે બાતમીને આધારે કતવારા પોલીસે બાતમીમાં દર્શાવેલ નંબર વાળી એલજીપી ગેસ ભરવાની કન્ટેનર ગાડીને આવતા ઝડપી પાડી ગાડીની તલાસી લઈ ગેસ ભરવાની કન્ટેનર માંથી ભારતીય બનાવટનાં ઈંગ્લીશ દારૂ સીગરામ રોયલ સ્ટેગ બેરલ સિલેક્ટ વ્હીસ્કી રોયલની નાની મોટી ૭૫૦ એમ.એલની તશા ૧૮૦ મીલીની તથા સીગરામ બ્લેન્ડર પ્રાઈડની ૭૫૦ એમએલની મળી કુલ રૂપિયા ૫૩,૨૮,૦૦૦ની કુલ કિંમતની પેટીઓ નંગ-૯૭૫ પકડી પાડી ગાડીના ચાલક બાડમેર જીલ્લાના મંગેલ ગામના લાલારામ રાવતરામ બેનીવાલ(જાટ) તથા ગાડીના કલીનર પ્રવીણકુમાર હેમારામ બેનીવાલ(જાટ)ની અટક કરી તેઓની પાસેથી રૂપિયા ૫૦૦૦ની કિંમતનો ઓપો કંપનીનો એન્ડ્રાઈડ મોબાઈલ પકડી પાડી સદર દારૂના જથ્થાની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલ રૂપિયા ૨૦ લાખની કિંમતની એલપીજી ગેસ ભરવાની કંરેન્ટર ગાડી મળી રૂપિયા ૭૩,૩૩,૦૦૦નો મુદ્દામાલ કબજે લઈ કતવારા પોલીસે પકડાયેલા ઉપરોક્ત બંને જણા ઉપરાંત એલપીજી ગેસ ભરવાના કન્ટેનરમાં દારૂ ભરી આપનાર, કંન્ટેનરના માલિક, દારૂ આપનાર ઠેકાના માલિક તથા દારૂ મંગાવનાર મળી કુલ છ જણા વિરૂદ્ધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ જીલ્લા ડ્રાઈવર મજુર કામદાર યુનિયન દ્વારા

# કેન્દ્ર સરકાર દ્વારા અકસ્માત સંદર્ભે નવો કાયદો લાગુ કરવા સામે લાગુ મામલતદારને આવેદનપત્ર આપી ડ્રાઈવર નિરોધી કાયદો રદ કરવાની માંગ કરી



દાહોદ,

ભારત સરકાર દ્વારા અકસ્માત અંગે નવો કાયદો લાગુ કરવામાં આવતા તેની સામે સમગ્ર દેશમા ઠેર ઠેર વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. નવા કાયદામાં અકસ્માત સર્જનાર ડ્રાઈવરોને ૧૦ વર્ષની જેલ સજા તેમજ રૂપીયા પાંચ લાખના દંડની જોગવાઈ કરવામાં આવી છે. આ કાયદાને લઈ સમગ્ર ગુજરાત રાજ્યમાં પણ ડ્રાયવરોમાં રોષની લાગણી ફેલાઈ છે. કારણ કે, ડ્રાઈવરો માલીકોની કાર, બસ, ટ્રક, ડમ્ફર કે અન્ય વાહનો ચલાવી નજીવા પગાર ધોરણમાં પોતાના પરિવારનુ ભરણ પોષણ કરતા હોય છે.

ત્યારે આજ રોજ દાહોદ જીલ્લા ડ્રાઈવર મજુર કામદાર યુનિયન દ્વારા મુખ્યમંત્રીને સંભોદતુ આવેદનપત્ર દાહોદ મામલતદારને પાઠવવામાં આવ્યું હતું. જેમાં જણાવવામાં આવ્યું છે કે સરકાર દ્વારા જે નવો અકસ્માત અંગે કાયદો લાગુ કરવામાં આવ્યો છે. જેના કારણે ડ્રાઈવરોને ખુબ જ મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. ડ્રાઈવરની આખી જીંદગીની કમાણી ખર્ચ કરી નાખે તો પણઆ કાયદાનું પાલન ડ્રાઈવરો કરી શકે તેમ નથી. ડ્રાઈવરના ઘર પરિવારનું ગુજરાન ચલાવવું ખુબજ મુશ્કેલી ભર્યુ બની શકે છે. ડ્રાઈવરો પોતાનુ જીવન સામાન્ય વેતનથી ચલાવી રહ્યા છે. જેથી ટ્રક ચાલકોએ સરકારને હાલમાં જે નવિન અકસ્માતને લઈને કાયદો બનાવ્યો છે, તેનો સખ્ત વિરોધ કર્યો હતો, અને આ કાયદાને વખોડી કાઢી સરકારને આ અંગે પુનઃ વિચારણા કરી આ ડ્રાઈવર વિરોધી કાયદો પરત ખેંચવાની માંગ કરી છે.

## દાહોદ તાલુકાના નસીરપુર સ્મશાન રોડ ખાતેનો બનાવ

# મધ્યપ્રદેશના ૨૮ વર્ષે યુવકે ટ્રાન્સફોર્મરનો દરવાજો ખોલી હાઈ વોલ્ટેજ વાયરો પકડી મોતને વહાંલું કર્યું

દાહોદ,

દાહોદ તાલુકાના નસીરપુર ગામે સ્મશાન રોડ થી ઈન્દોર હાઈવે તરફ જવાના રસ્તે એક મધ્ય પ્રદેશના યુવકે ડોટ મૂકી નજીકમાં આવેલા એમજીવીસીએલના ડીપીમાં લાગેલા વાયરોને પકડી લેતા યુવકનું વીજ કરંટના લીધે ઘટના સ્થળે મૃત્યુ નીપજ્યુ હતું. જોકે, આ સમગ્ર ઘટના નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થતાં સમગ્ર મામલો સામે આવ્યો છે.

મધ્યપ્રદેશના ધાર જીલ્લાના અંબેડી, ભાટિયા બરડી, કર્ણાવદ નો રહેવાસી ૨૮ વર્ષીય સૂરજ મેડા નામનો યુવક આજ રોજ સવારના ૦૮:૧૫ વાગ્યાના સુમારે દાહોદ તાલુકાના નસીરપુર ગામે સ્મશાન રોડ થી અમદાવાદ ઈન્દોર તરફ જવાના રસ્તે આવેલા મધ્ય ગુજરાત વીજ કંપનીના ડીપી પાસે પલડેલા કપડે દોડતો જઈને આવ્યો હતો અને વીજ કંપનીના લાગેલા ડીપીનો દરવાજો ખોલી વીજ વાયરને પકડી લેતા ડીપીમાંથી પસાર થતા હાઈ વોલ્ટેજ વીજ કરંટના લીધે સૂરજ મેડાનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. આ ઘટના બાદ ત્યાંથી પસાર થતાં સ્થાનિકોએ બનાવની જાણ દાહોદ પોલીસને કરતા એએસપી કે સિદ્ધાર્થ, એ ડિવિઝન પી.આઈ. દિગ્વિજયસિંહ પઢીયાર સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને મરણ જનાર યુવકની તલાસી લેતા તેની પાસેથી આધારકાર્ડ તેમજ ભુજ દાહોદની એસટી બસ ની ટિકિટ મળી આવતા પોલીસે મરણ જનાર સુરેશ મેડાના મૃતદેહનો કબજો લઈ પીએમ અર્થે નજીકના દવાખાને મોકલ્યો હતો.

### સુરેશ મેડાએ ક્યા કારણોસર અવિચારી પગલું ભર્યું ?

જુના સ્મશાનરોડ પાસે આવેલા એક સીસીટીવી કેમેરામાં આજરોજ બનેલી ઘટના કેદ થઈ હતી. જેમાં મરણજનાર સુરજ મેડા પલળતા કપડે દોટ મૂકી નજીકમાં આવેલા મધ્ય ગુજરાત વીજ કંપનીના ટ્રાન્સફોર્મર પાસે આવ્યો અને ડીપીનો દરવાજા ખોલી વીજજ વાયરને પકડીને આયખું ટુકાવ્યું હતું. મરણજનાર સુરજે કયા કારણોસર આત્મહત્યા કરી તે હાલ અકબંધ રહેવા પામ્યું છે. સુરેશ મેડાએ નજીકમાં આવેલી નદીમાં અથવા અન્ય કોઈ જગ્યાએ પાણીમાં પલડી ઘટના સ્થળે આવ્યો હતો. શું મરણ જનાર માનસિક સંતુલન ગુમાવી બેઠું હતું અથવા કોઈ નશાની હાલતમાં અવિચારી પગલું તો નથી ભર્યું ને ? આ તમામ આશંકાની વચ્ચે દાહોદ પોલીસે હાલ આગળની તપાસ હાથ ધરી છે.

### સૂરજ પાસેથી ભુજ-દાહોદ ની બસની ટિકિટ મળી આવી

મરણ જનાર સુરજ મેડાના ખિસ્સા માંથી ભુજ-દાહોદ વચ્ચેની એસ.ટી. ની ટિકિટ મળી આવી હતી. તેના પરથી અંદાજો લગાવી શકાય છે કે, મરણજનાર સુરજ ગતરોજ ભુજ થી દાહોદ બસ સ્ટેશનને ઉતર્યો હશે અને આટલે દૂર આવીને કેમ આવું અવિચારી પગલું ભર્યું છે. તે ઘટના સ્થળ સુધી કેવી રીતે અને કયા સંજોગોમાં પહોંચ્યું ? તે તો હાલ પોલીસ તપાસનો વિષય બની જવા પામેલ છે.

# ઝાલોદ સરકારી અનાજની દુકાનોમાં અનાજ ઓછું સપ્લાય થવાની જાગૃત નાગરિક દ્વારા પ્રાંત અધિકારીને આવેદન

ઝાલોદ,

ઝાલોદ નગરની સરકારી દુકાનોમાં સરકારી ગોડાઉનમાં થી સપ્લાય થતાં અનાજમાં ઘટ પડે છે. તેવી અરજી નગરના જાગૃત નાગરિક દ્વારા પ્રાંત અધિકારીને આપવામાં આવેલ છે. આ ગેરરીતિ માટે જવાબદાર કોણ એ એક મોટો પ્રશ્ન નગરમાં ચર્ચાઈ રહેલ છે. સરકારી ગોડાઉનમાં કેમેરા ગોઠવેલ હોવા છતાય સરકારી અનાજના કટ્ટાઓમા ઘટ કેવી રીતે પડે છે. આવી મીલી ભગત કેવી રીતે અને કોના દ્વારા ચલાવવામાં આવે છે, એ એક ચર્ચાનો વિષય બની ગયેલ છે. અનાજનો ઓછો જથ્થો સરકારી ગોડાઉન માંથી ઓછો આવે છે કે સરકાર દ્વારા સપ્લાય ઓછું કરવામાં આવે છે તે તપાસનો વિષય બની ગયેલ છે.

સરકાર દ્વારા ૫૬ કિલોનો એક કટ્ટો આપવામાં આવે છે અને ત્યાર બાદ સરકારી અનાજની દુકાને પહોંચતા આ કટ્ટા માંથી પાંચસો ગ્રામ જેટલું અનાજ ઓછું થઈ જાય છે, તો સરવાળે સરકારી દુકાનદારોને અનાજમાં ઘટ પડતાં નુકશાન વેઠવું પડે છે. ગરીબોના હકનો અનાજ ચાંઉ કરી જનાર કોણ છે અને તે આ અનાજ ચોરી કરી કોને વહેંચે છે. તે એક તપાસનો વિષય બની ગયેલ છે. આ અનાજ ક્યાથી કેવી રીતે ઓછું આવે છે તે એક તપાસનો વિષય બની ગયેલ છે.

# દે.બારીઆના મેન્દ્રા થી પાવાગઢ જતા રોડ ઉપર બાઈક ચાલક ઝાડ સાથે અથડાતા ઘટના સ્થળે મોત

દાહોદ,

દાહોદ જીલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના કાળી ડુંગરી ગામની સીમાની નજીકમાં મેન્દ્રાપાવાગઢ તરફ જતાં હાઈવે રોડ નજીક ચાલકની ગફલતને કારણને પુરપાટ દોડી આવતી મોટર સાયકલ રોડની સાઈડમાં આવેલ ઝાડ સાથે ધડાકાભેર અથડાતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં મોટર સાયકલ ચાલકને ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેનું સ્થળ પર જ કમકમાટી ભર્યુ મોત નિપજયાનું જાણવા મળ્યું છે. મધ્યપ્રદેશના ધાર જીલ્લાના બદનાવર તાલુકાના હરકાઝર ગામના ૧૭ વર્ષીય અજય છત્રાભાઈ નડાવત (વણઝારા) પરમ દિવસ તા. ૩૧-૧૨-૨૦૨૩ના રોજ સાંજના છ વાગ્યાના સુમારે તેના કબજાની એમ.પી.૧૧ ઝેડ.ડી-૬૦૬૫ નંબરની હીરો કંપનીની એચ.એફ.ડીલક્ષ મોટર સાયકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ જતાં દેવગઢ બારીઆના કાળી ડુંગરી ગામે સીમજી નજીકમાં મેન્દ્રાપાવાગઢ તરફ જતા હાઈવે પર તેને મોટર સાયકલના સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતાં મોટર સાયકલ રોડની સાઈડમાં આવેલ ઝાડ સાથે ધડાકાભેર અથડાતાં ચાલક અજય છત્રાભાઈ નડાવતને માથામાં તથા શરીરે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવે તે પહેલાં જ તેનું સ્થળ પર જ કમકમાટી ભર્યુ મોત નિપજ્યું હતું. આ સંબંધે મધ્યપ્રદેશના હરકાઝર ગામના મરણજનાર અજય નડાવતના પિતા છત્રાભાઈ બગાજી નડાવતે નોંદાવેલ ફરિયાદને આધારે દેવગઢ બારીઆ પોલીસે ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# લીમડી લિટલ માસ્ટર ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ ખાતે Helloween Day ની ઉજવણી કરાઈ



લીમડી,

વન્ડરફુલ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત લિટલ માસ્ટર ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ લીમડીમાં તા.૩૦/૧૨/૨૩ શનિવાર ના રોજ શાળામાં helloween dayની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના આચાર્યા મિત્તલ એન. શર્માના માર્ગદર્શન હેઠળ કેજી વિભાગના શિક્ષકમિત્રો ભેગા મળીને આયોજન કર્યું હતું. તેમાં બાળકો અલગ અલગ વેશભૂષામાં આવેલા અને ખોરાક પણ ભૂતના ચિત્રો વાળો લઈને આવેલા હતા. શાળાના દરેક બાળકની અંદર જે ભૂત પ્રેતનો ડર દૂર કરવા માટે ઉજવણી કરવામાં આવી હતી.

# દે.બારીયા શહેરમાં ગુજરાતીઓનો પ્રિય તહેવાર ઉત્તરાયણની તૈયારીઓ શરૂ



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,

ગુજરાતીઓનો પ્રિય તહેવાર અને વર્ષનો પણ પહેલો તહેવાર ઉત્તરાયણની તૈયારીઓ પતંગના રશિયાઓ છેલ્લા એક માસથી થઈ રહી છે. ઉલ્લેખનિય છે કે, ડીસેમ્બર માસની ૧૪મીએથી ઉત્તરાયણ સુધી સખત એક માસ સુધી પ્રભાત ફરી વહેલી સવારે નિકળે છે. આ પરંપરા વર્ષોની છે. શહેરમાં પતંગોના સ્ટોલો શરૂ થયા છે. દોરાની ચકરી પતંગોનો નવો સ્ટોક આવી ગયો છે. અંડાછાપ પ્લાસ્ટીકની પતંગોનું હાલમાં વેચાણ ધૂમ ચાલે છે. હવામાન ખાતાના જણાવ્યા અનુસાર ૧૨ અને ૧૩ તારીખોમાં વેસ્ટન ડિસ્ટર્બ વાદળછાયું વાતાવરણ રહેવાનો છે. આ ડીસ્ટર્બને પણ ગુજરાતીઓને રોકી શકે નહી ઉત્તરાયણ આવતા પહેલા ગોળની ચીકી પણ બજારમાં આવી ચુકી છે. ઘરે બનતી તલપાપડી થતા તલનું કચરીયું અને ઉત્તરાયણના દિવસે ઉંધીયું પણ વેચાય છે. આ તહેવારને અલગ અલગ રાજ્યોમાં અલગ અલગ નામોથી ઉજવણી કરવામાં આવે છે. મકરસક્રાંતીને દક્ષિણના રાજ્યોમાં પોંગલ નામે મનાવવામાં આવે છે અને આ દિવસે લોકો મોજમસ્તી સાથે આખો દિવસ હર્ષોલ્લાસ સાથે ઉજવાય છે.

# માર્ગ અને મકાન વિભાગનો દે.બારીયાથી ગોલ્લાવ સુધીનો રોડ બિસ્માર હાલતમાં થયો ? કયારે નવીનિકરણ થશે ?

દે.બારીયા,

માર્ગ અને મકાન વિભાના હસ્તક આવતો સ્ટેટ હાઈવે રોડ દે.બારીયા શહેરના રાજમહેલ નાકા થી ગોલ્લાવ પંચમહાલ જીલ્લાની હદ સુધીના રોડ ઉપર મસમોટા ખાડા પડી ગયા હોવા છતાં લીમખેડા સ્થિત માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેરનું પેટનું પાણી હાલતું નથી કેમ ? તે યત્ર પ્રશ્ન છે.

પ્રાપ્ત માહિતી મુજબ દે.બારીયા થી સ્ટેટ હાઈવે રોડ જે પાવાગઢ થઈ હાલોલ નેશનલ હાઈવે ઈન્દોરને જોડતો રોડ છે. દાહોદ જીલ્લાના ગોલ્લાવ સુધી રોડ ઉપર મોટા ખાડા પડી ગયા હોવા છતાં તેનું સમારકાર્ય અથવા નવો રોડ બનાવવામાં આવતો નથી. તેમજ દે.બારીયા શહેર માંથી પસાર થતો આ રોડ બન્ને નાકા વચ્ચેનો રોડ ૧૦ વર્ષ અગા. આર.સી.સી.નો નવો બનાવ્યો હતો. તેમ છતાં આ રોડને થીગડા થાગળી કરીને ૧૦ વર્ષ સુધી લોકોને સમજાવી દેવાતા હોય છે. ભારે વાહનોની અવરજવર આઠ દિવસમાં જેવો હતો. તેવો થતાં વાર લાગતી નથી. વાહન ચાલકો રોડ ટેકસ ભરે છે તે પ્રમાણેની રોડ સુવિધા તંત્ર આપવામાં નિષ્ફળ છે. ગોલ્લાવ સુધી મોટાખાડાના પૂરાણ સાથે સાથે દે.બારીયાના બન્ને નાકા વચ્ચેનો આર.સી.સી.રોડનું નવીનિકરણ કરવામાં આવે તો વાહન ચાલકોની માંગણી ઉઠવા પામી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.112

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## કાલોલના તાલુકાના પરૂણા ગામના ગ્રામજનો દ્વારા

# ગોમા નદી પટના સર્વે નં.૧૮૩/૧૮૪ બ્લોક (લીઝ) કાયમી બંધ કરવાની માંગ સાથે આવેદન





## પરૂણા, અથમણા, અગાસીની મુવાડી, ઘુસર, સુરેલી ગામના ખેડુતોના સિંચાઈ કુવાના જળસ્તર નીચે જતા પાકોને ભારે નુકશાન

કાલોલ,

કાલોલ તાલુકાના પરૂણા ગામની ગોમા નદીના પટમાં આવેલ સર્વે નં.૧૮૩/૧૮૪ના બ્લોક લીઝ કાયમી ધોરણે બંધ કરવા માટે આવે નદી માંથી ઉલેચવામાં આવતી રેતીને લઈ જળ સ્તર નીચે ગયા હોય જેને લઈ સિંચાઈ કુવાઓમાં પાણી નહિ રહેતા પરૂણા સહિતના ૧૦ જેટલા ગામોના ખેડુતોના પાકોને સિંચાઈ પાણી વગર નુકશાન થઈ રહ્યું છે. જેને લઈ ગ્રામજનો દ્વારા જીલ્લા કલેકટરને મુખ્યમંત્રીને સંબોધીને આવેદન આપવામાં આવ્યું.

કાલોલ તાલુકાના પરૂણા ગામ પાસેથી પસાર થતી ગોમા નદીના પટ માંથી આવેલ સર્વે નં.૧૮૩/૧૮૪ની બ્લોક લીઝ કાયમી ધોરણે બંધ કરવામાં આવે. પરૂણા ગ્રામજનો દ્વારા રજુઆત કરાઈ છે કે, પરૂણા અને આસપાસના અથામણા, અગાસીની મુવાડી, ભૈરવની મુવાડી, ઘુસર, સુરેલી ગામોમાં પણ ગોમા નદી માંથી બેફામ રીતે રેતી ઉલેચવામાં આવી રહી છે. જેને લઈ ભુર્ગભ જળ સ્તર ખુબ નીચે ગયા છે ગોમા નદીના તટ વિસ્તારના ૮ જેટલા ગામો ૧૦૦ થી ૧૫૦ જેટલા સિંચાઈ કુવા આવેલ છે. આ કુવાઓમાં પહેલાના સમયમાં ૨૪ કલાક સિંચાઈ પાણી ચાલતું હતું. જ્યારે હાલ માંડ અડધો કલાક પણ પાણી ચાલે છે. જેને લઈ ખેડુતોના ઉભા પાક સુધાઈ જાય છે. ગોમા નદીના પટ માંથી રેતી ખનન લઈ ભુર્ગભ જળના સ્તર નીચે ગયા છે. તેની અસર સિંચાઈ કુવાઓમાં જળ સંગ્રહ ઓછો થયો છે. ખેડુતોના ઉભા પાક સુકાઈ જતાં ખેડુતો મુશ્કેલીમાં મુકાયા છે. ગોમા નદી માંથી રેતી ખનન ખૂબ મોટી માત્રામાં થતાં નદી કિનારાની જમીનનું વેચાણ વધતું જાય છે. પરૂણા ગામ ગોમા નદી કિનારાનું ગામ છે. અગાઉ રેતી ખનનને ત્રણ થી ચાર ઘરોપણ ધોવાણ થયેલ છે. રેતી ખનનને લઈ નદીમાં પડેલ ખાડાઓ પડવાથી ચાર જેટલા લોકોનું ડુબી જવાથી મોત પણ થવા પામ્યા છે.

પરૂણા ગામના નદી પરના સર્વે નં.૧૮૩/૧૮૪ લાગુ ગોમા નદી પટ વિસ્તાર માંથી ૩.૦૦ હેકટર વિસ્તાર ગોધરાના ઈબ્રાહિમ ઘંત્યાને વર્ષ-૨૦૨૨ થી બ્લોક ફાળવણી કરાયો તે અગાઉ પરૂણા ગામના ગ્રામજનો આસપાસના ખેતરોના માલિકોની સંમતિ કે અભિપ્રાય લેવામાં આવેલ નથી. જેથી લીઝ નામંજુર કરવી જરૂર છે. લીઝ પરમીશન મેળવતા માથાભારે ઈસમોને લીઝ બંધ કરવાનું કહેતા અગાઉ ગ્રામજનો સાથે ઝગડાઓ પણ થયેલ છે અને પોલીસ ફરિયાદ પણ કરાઈ છે. ગોમા નદીમાં લીઝ ધરાવતા બ્લોકના માલિકો અને મળતીયાઓ દ્વારા ગ્રામજનો ઉપર ખોટા કેશ કરી હેરાન કરવામાં આવે છે. જેને લઈ પરૂણા ગામના ગ્રામજનો દ્વારા રાજ્યના મુખ્યમંત્રીને સંબોધીને આવેદન તૈયાર કરાયું તેમાં પરૂણા સહિતના ગોમામાં નદીમાં પૂનઃલીઝ પરમીશન નહિ આપવા તેજ પરમીશન રદ કરવા તેમજ ગોમા નદીમાં નવા બ્લોક ન ફળવાય તેવી માંગ સાથેના આવેદન પંચમહાલ જીલ્લા કલેકટરને આપવામાં આવ્યું.

# ટ્રક ડ્રાઈવરોની હડતાળને લઈ ગોધરા બામરોલી રોડ ઉપરના પેટ્રોલ પંપ ઉપર પેટ્રોલ ખલાસ થતાં વેચાણ બંધ

## પંચમહાલમાં ૧૭૦ પેટ્રોલ પંપ ઉપર આવતી કાલે સાંજ સુધી ચાલે તેટલું પેટ્રોલ-ડીઝલના પુરવઠો

ગોધરા,

કેન્દ્ર સરકાર દ્વારા વાહનોના ડ્રાઈવરો માટે નવા કાયદામાં ૧૦ વર્ષ સજા અને દંડની જોગવાઈના વિરોધમાં ટ્રક અને ખાનગી બસોના ડ્રાઈવરો હડતાળ ઉપર હોય જેથી અસર દેખાવાની શરૂ થઈ છે. ગોધરાના બામરોલી રોડ આવેલ ગાંધી પરીખ એન્ડ સન્સ નામના પેટ્રોલ પંપ ઉપર પેટ્રોલના જથ્થો ન હોવાથી વેચાણ બંધ જીલ્લામાં મોટાભાગના પેટ્રોલ પંપ ઉપર આવતી કાલ સાંજ સુધી ચાલે તેટલો પેટ્રોલ-ડીઝલનો જથ્થો બાકી રહ્યો છે. પેટ્રોલ પંપ ઉપર પેટ્રોલ-ડીઝલના અભાવથી વાહનો ઉપર બ્રેક લાગશે.



ગુજરાત સહિત દેશભરમાં કેન્દ્ર સરકાર દ્વારા ભારત સંહિતા કાયદામાં વાહનોથી અકસ્માતમાં વાહન છોડી ચાલક (ડ્રાઈવર) નાશી જાય તો ૧૦ વર્ષની સજા અને દંડની જોગવાઈ કરવામાં આવી છે. જેને લઈ ગુજરાત સહિત દેશભરમાં ટ્રક અને ખાનગી બસોના ડ્રાઈવરો હડતાળ ઉપર ઉતર્યા છે. ટ્રક ડ્રાઈવરોની હડતાળની અસર દેખાવાની શરૂ થઈ છે. ગોધરા શહેરના બામરોલી રોડ ઉપર આવેલ ગાંધી પરીખ એન્ડ સન્સ નામના પેટ્રોલ પંપ પઉર પેટ્રોલનો જથ્થો ન હોવાથી વેચાણ બંધ થયું છે. ટ્રક ડ્રાઈવરોની હડતાળને લઈ પેટ્રોલનો જથ્થો આવતો બંધ થયો છે. પંચમહાલ જીલ્લામાં ૧૭૦ પેટ્રોલ અને ડીઝલ પંપ આવેલ છે. આ તમામ પેટ્રોલ પંપ ઉપર આવતી કાલ સાંજ સુધી ચાલે તેટલો પેટ્રોલ અને ડીઝલનો જથ્થો ઉપલબ્ધ છે. તે પુરો થતાં સુધી જો ટ્રક ડ્રાઈવરોની હડતાળ સમેટાઈ નહિ તો પેટ્રોલ અને ડીઝલ વગર વાહનો ઉપર બ્રેક લાગી શકે છે.

# વડોદરા થી અયોધ્યા જતી ૧૦૮ ફુટ લાંબી અગરબત્તીના દર્શન માટે શહેરામાં મોટી સંખ્યામાં રામભકત ઉમટી પડયા

શહેરા,

શહેરા સહિત સમગ્ર જીલ્લામાંથી સનાતન ધર્મ સમાજ અને ગોપાલક સમાજ વડોદરા દ્વારા બનાવેલ ૧૦૮ ફૂટ લાંબી અગરબત્તી ૧૧૧ ફૂટ લાંબા રથમાં અયોધ્યા લઈ જતી વખતે દર્શન કરવા માટે મોટી સંખ્યામાં રામ ભક્તો ઉમટી આવ્યા હતા. ૨૨મી જાન્યુઆરીના રોજ અયોધ્યા મંદિરમાં રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા સમારોહમાં બાદ દોઢ મહિનો આ અગરબત્તી પ્રજવલિત રહેનાર છે.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

સનાતન ધર્મ સમાજ અને વડોદરા ગોપાલક સમાજ દ્વારા ૧૦૮ ફૂટ લાંબી ઈકો ફ્રેન્ડલી અગરબત્તી બનાવવામાં આવી હતી. વડોદરાના ગોપાલક વિહાભાઈ ભરવાડએ ૧૦૮ ફૂટ લાંબી ઈકો ફ્રેન્ડલી અગરબત્તી જે બનાવવામાં આવી હતી. તે અયોધ્યા લઈ જવામાં આવી રહી હતી. ત્યારે પંચમહાલ જીલ્લા માંથી ૧૧૧ ફૂટ લાંબા રથમાં અયોધ્યા જઈ રહેલ ૧૦૮ ફૂટ લાંબી અગરબત્તીના દર્શન કરવા માટે મોટી સંખ્યામાં લોકો રસ્તા પર ઉંમટી આવ્યા હતા. હાલોલ થી લુણાવાડા સુધી મોટી સંખ્યામાં રામભકતોએ રામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં જઈ રહેલ અગરબતીના દર્શન કરીને ધન્યતા અનુભવી હતી. આ અગરબત્તીના દર્શન કરવા આવેલા રામ ભકતોએ જય... જય... રામના નાંદ થી વાતાવરણ ગુંજાઈ ઉઠયું હતું. આ ૧૦૮ ફૂટ લાંબી તથા ૩.૫ ફૂટ ત્રિજ્યા ધરાવતી ઈકો ફ્રેન્ડલી અગરબત્તી પાંચ પ્રકારની સામગ્રી દ્વારા તૈયાર કરવામાં આવી છે અને ૨૨મી જાન્યુઆરીના રોજ અયોદ્યા મંદિરમાં રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા સમારોહમાં બાદ દોઢ મહિનો અગરબત્તી પ્રજવલિત રહેનાર છે. વિશ્વની પ્રથમ આ ૧૦૮ ફૂટ લાંબી અગરબત્તી હોવા સાથે અયોદયા રામ મંદિરમાં થનાર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં જઈ રહેલ હોવાથી ઠેર ઠેર આ અગરબત્તીના દર્શન રામભકતો એ કરવા સાથે પોલીસનો બંદોબસ્ત પણ તે દરમિયાન જોવા મળી રહ્યો હતો. અયોદ્યા જઈ રહેલ અગરબત્તીની રથ સાથેની શોભાયાત્રા હાઈવે માર્ગ ઉપરથી નીકળતા ઠેર ઠેર સ્વાગત કરવામાં આવવા સાથે વાતાવરણ ભકિતમય બની ગયું હતું.

# કાલોલના બાકરોલ નવા ધરામાં ફરિયાદીની સંયુકત મિલ્કતમાં રસ્તા બાબતના વિવાદમાં આરોપીઓએ મારમારી કરતાં ફરિયાદ

કાલોલ,

કાલોલ તાલુકાના બાકરોલ નવા ધરા ફળીયા પાસે સર્વે નં.૨૧૬૭૭ વાળી ફરિયાદી અને તેમના કાકા છોકરાની સંયુકત માલિકીની જમીન આવેલ હોય અને ફરિયાદ ઘરની પાછળ ધરોવાળા આ જમીન માંથી અવરજવર કરતા હોય આ જમીનમાં રસ્તાનો વિવાદ ચાલતો હોય તે સંદર્ભે કાલોલ મામલતદાર તેમની સ્ટાફ સાથે તપાસ કરી જતા રહ્યા હોય બાદમાં આરોપીએ સાહેદને મારમારતાં કાલોલ પોલીસ ફરિયાદ કરી ઘરે જતા રાતના સમયે ઘર પાછળ વિવાદવાળા રસ્તા ઉપર ઉભા હતા. ત્યારે આરોપીઓ હથિયારો પાસે દોડી આવી પથ્થરમારો કરી જાનથી મારી નાખવાની ધમકી આપતાં ફરિયાદ નોંધાવા પામી છે.

વિસ્તૃત વિગતો મુજબ કાલોલ તાલુકાના બાકરોલ નવા ધરા ફળીયા ધર્માભાઈ રયજીભાઈ ગોહિલ તથા કાકાના છોકરા લાલસીંગ ગોહિલની સર્વે નં.૨૧૬૭૭ વાળી સંયુકત માલિકીની જમીન આવેલ હોય અને ફરિયાદીના ઘર પાછળવાળા ધરોવાળા આ જમીન માંથી અવરજવર કરતા હોય જેથી જમીનમાંના રસ્તા બાબતે વિવાદ ચાલતો હોય અને તેની અરજી કાલોલ મામલતદાર કચેરીમાં કરેલ હોય અરજીના આધારે કાલોલ મામલતદાર અને સ્ટાફના કર્મીઓ સાથે સ્થળ તપાસમાં આવ્યા હતા અને મામલતદારના ગયા બાદ આરોપી ધીરજસિંહ કિરવતસિંહ સોલંકી, સરવતસિંહ નાનસિંહ ગોહિલ એ રયજીભાઈ પૂજાભાઈ ગોહિલને મારમારતાં આ બાબતે ધર્માભાઈ અને રયજીભાઈ ગોહિલ ફરિયા કરવા કાલોલ આવ્યા હતા. ઘરે જતાં ધર્માભાઈ અને ઘરના માણસો વિવાદવાળા રસ્તા ઉપર ઉભા હતા. તે વખતે આરોપીઓ ઈસમોએ હાથમાં મારક હથિયાર કરી છુટા પથ્થર લઈ ગાળો બોલતા હોય ગાળો આપવાની ના પાડતા આરોપીઓ ઉશ્કેરાઈ જઈ ટોળા પૈકીના આરોપીઓ ઈન્દીરાબેનને આડેધડ મારી કપાળના ભાગે ઈજાઓ પહોંચાડી તેમજ મહેશભાઇ માથાના ભાગે ધારીયું મારી તેમજ અન્ય વ્યકિતઓને ઈજાઓ કરી પથ્થર મારો કરી જાનથી મારી નાખવાની ધમકી આપતાં આ બાબતે કાલોલ પોલીસ મથકે ૧૩ ઈસમો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવા પામી છે.

# પંચમહાલ પોલીસવડાએ ટ્રક એસોશીએસન હોદ્દેદારો સાથે મીટીંગ કરી કાયદાની માહિતી આપી



ગોધરા,

પંચમહાલ ગોધરા એસ.પી.કચેરી ખાતે તા.૦૨/૦૧/૨૦૨૪ના એસ.પી.હિમાંશુ સોલંકીની અધ્યક્ષતામાં પંચમહાલ ટ્રક એસોસિયનના હોદ્દેદારો સાથે મોટર વ્હિકલના નવા કાયદા અનુસંધાને એક મીટીંગ યોજવામાં આવેલ. જેમાં પોલીસ ઈન્સપેક્ટર એલ.સી.બી. પોલીસ ઈન્સપેકટર એસ.ઓ.જી. પી.એસ.આઈ. રીડર તથા પી.એસ.આઈ.જિલ્લા ટ્રાફિક નાઓ હાજર રહેલ.

આ મીટીંગમાં મોટર વ્હિકલના નવા કાયદા અનુસંધાને ટ્રક ડ્રાયવરોમાં ગેરસમજ હોય તે દુર કરવા કાયદાની સમજણ આપી એસોશીયનના હોદ્દેદારોને જણાવેલ કે, અકસ્માત કરનાર વાહન ચાલક વાહન લઈ બનાવવાળી જગ્યા ઉપરથી ફરાર થઈ જાય તો જ તેમના વિરૂદ્ધ હીટ એન્ડ રનનો કેસ દાખલ કરવામાં આવશે, પરંતુ વાહન ચાલક અકસ્માત કરી ત્વરિત પોલીસ કંટ્રોલ રૂમના ૧૦૦ નંબર ઉપર ફોન ડાયલ કરી અથવા નજીકના પોલીસ સ્ટેશને જાણ કરશે તો વાહન ચાલક વિરૂદ્ધ હિટ એન્ડ રનનો ગુનો દાખલ નહી થાય અને અગાઉના કાયદાની જેમ વાહન ચાલકને જામીન મુક્ત કરવામાં આવશે.

આ નવો કાયદો લાવા પાછળનો ફકતને ફકત હેતુ એ છે કે, અકસ્માતમાં ભોગ બનનારને આ કાયદાથી તુરંત જ મેડીકલ સારવાર મળી રહે જેથી મનુષ્યની અમુલ્યવાન જિદંગી બચાવી શકાય.

આ કાયદો ફક્ત ટ્રક ચાલકો વિરૂદ્ધ નહી પરંતુ તમામ વાહન ચાલકો વિરૂદ્ધ છે. જો વાહન ચાલક અકસ્માત અંગેની જાણ ત્વરિત પોલીસ કંટ્રોલ રૂમના ૧૦૦ નંબર ઉપર ફોન ડાયલ કરી અથવા નજીકના પોલીસ સ્ટેશને જાણ કરશે તો તેના વિરૂદ્ધ હિટ એન્ડ રનનો કેસ દાખલ નહી થાય. તે બાબતે પોલીસ અધિક્ષકએ ટ્રક એસોશિયન હોદ્દેદારોને જણાવેલ હતું. અને ટ્રક એસોસિયનના હોદેદારોને તેમના ટ્રક ચાલક ડ્રાયવરોને આ કાયદાની ઉપરોકત માહીતી આપી ડ્રાયવરો દ્વારા કાયદાનું ખોટું અર્થઘટન ન થાય અને તેઓ દ્વારા ચક્કાજામના કાર્યક્રમો ના થાય તે માટે ડ્રાયવરોને સમજણ આપવા માટે જણાવવામાં આવેલ છે.

# શિક્ષણ ઉપરાંત સેવાકીય ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરનાર પ્રો.(ડૉ) અરૂણસિંહ સોલંકીનું સન્માન



ગોધરા,

સેવા ઓર્ગેનાઈઝેશન યુએસએના પ્રમુખ એન.આર.આઈ એવા ડો.યોગેશભાઈ જોશી તથા યુએસએ થી ખાસ પધારેલા એનઆરઆઈ કૌશિકભાઈ વ્યાસ, ગોધરા ખાતેના સંસ્થાના પ્રમુખ ડોકટર નાગરેચા, ઉપપ્રમુખ અને પત્રકાર એવા પ્રદીપભાઈ સોની, ડો. શ્યામ સુંદર શર્મા, અગ્રણી પત્રકારઓ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં શૈક્ષણિક ઉપરાંત સેવાકીય ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરનાર સાર્વજનિક કોમર્સ કોલેજ ગોધરાના પ્રો. (ડો) અરૂણસિંહ સોલંકીનું સેવા ઓર્ગેનાઈઝેશન યુએસએના એક્ટિવ સલાહકાર એનઆરઆઈ કૌશિક વ્યાસના હસ્તે વિશેષ સન્માન કરાયું છે. આવા સન્માન બદલ પ્રોફેસર સોલંકીએ સંસ્થાનો, ખાસ કરીને ઉપપ્રમુખ પ્રદીપભાઈ સોનીનો આભાર માન્યો છે.

# ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા મહાસુખ એવોર્ડ વિજેતાનો યોજાયેલ સન્માન સમારંભ



ગોધરા,

ગોધરા તાલુકાના મહેલોલની શાહ એન્ડ પંડયા હાઈસ્કૂલના પ્રાથમિક વિભાગના નિવૃત્ત આચાર્ય કે.ઓ. શાહ ને તાજેતરમાં મુંબઈમાં ખડાયતા યુવક દ્વારા મહાસુખ એવોર્ડ પ્રાપ્ત થતાં સને ૧૯૮૬-૮૭ના વર્ષના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા ઈસરોડિયા ગામના તળાવ પાસે નૈસર્ગિક વાતાવરણમાં આવેલા સોમનાથ કામનાથ મહાદેવ મંદિરના પ્રાંગણમાં તા. ૩૧-૧૨-૨૩, રવિવારે સવારે કે.ઓ. શાહનું પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ અને ગુરૂ વચ્ચે ભૂતકાળના વિદ્યાર્થી જીવનનાં સંભારણાં આનંદ ઉલ્લાસમય પ્રાકૃતિક નયન રમ્ય વાતાવરણમાં પરિસંવાદ કરી અતિતની યાદગીરી તાજી કરી હતી. કે.ઓ. શાહે સૌ વિદ્યાર્થી ભાઈઓ-બહેનોનો આભાર માન્યો હતો અને સમારોહના અંતે પૌષ્ટિક આહારનો રસાસ્વાદ માણ્યો હતો.

# પંચમહાલ જીલ્લામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા બની રહી છે સાર્થક

ગોધરા,

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સમગ્ર દેશમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા-૨૦૨૩ ચાલી રહી છે. જેને રાજ્યભરમાં વ્યાપક પ્રતિસાદ મળી રહ્યો છે. પંચમહાલ જીલ્લામાં આ યાત્રા ૩૦ નવેમ્બરના રોજ શરૂ કરવામાં આવી હતી. જે આગામી તારીખ ૨૫ જાન્યુઆરી ૨૦૨૪ સુધી ગામડાઓમાં પરિભ્રમણ કરશે. પંચમહાલ જીલ્લા વહીવટી તંત્ર, જીલ્લા કલેકટર આશિષ કુમાર, જીલ્લા વિકાસ અધિકારી ડી.કે.બારીયાના માર્ગદર્શન હેઠળ આ યાત્રા ગ્રામ્ય કક્ષાએ ફળીતાર્થ બનીને યોગ્ય રીતે સાર્થક બની રહી છે. જીલ્લામાં આજ તારીખ ૦૧ જાન્યુઆરી સુધી કુલ સાત તાલુકાના ૩૪૫ ગ્રામ પંચાયતોમાં આ યાત્રા પહોંચી છે.

તા.૦૧ જાન્યુઆરી સુધી પંચમહાલ જીલ્લામાં ૨,૦૧,૫૧૨ (બે લાખ એક હજાર પાંચસો બાર) થી વધુ નાગરિકો સંકલ્પ યાત્રામાં સહભાગી થયા છે. જેમાં ૧,૨૧,૨૦૦ ભાઈઓ તથા ૮૦,૪૩૬ બહેનો વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં ઉત્સાહભેર સહભાગી થયા છે. આ યાત્રા દરમિયાન જીલ્લામાં કુલ ૧,૯૨,૮૭૬ થી વધુ નાગરિકોએ વિવિધ સંકલ્પ લીધા હતા.આરોગ્ય વિભાગ હેલ્થ કેમ્પ થકી ૬૫,૦૭૨ થી વધુ વ્યકિતઓના હેલ્થની પાસ કરવામાં આવી છે. જ્યારે ૨,૩૦,૭૭૦ નવા આયુષ્યમાન કાર્ડ બનાવવામાં આવ્યા છે. વિવિધ મહાનુભાવોના હસ્તે ૨૨,૫૩૯ આયુશ્યમાન કાર્ડનું સ્થળ પર જ વિતરણ કરાયું છે. આ ઉપરાંત ૩૪,૯૬૧ વ્યકિતઓની ટી.બી.રોગની તપાસ તેમજ ૨૪,૮૯૩ વ્યકિતઓની સિકલ સેલની તપાસ કરાઈ હતી. 'મારૂ ભારત સ્વયંસેવક રજીસ્ટ્રેશન' અંતર્ગત કુલ ૬૮૭૪ સ્વયંસેવક નોંધાયા છે. જયારે પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના હેઠળ ૯૩૦૮ નામ નોંધવામાં આવ્યા છે. ૭૨૫ મહિલાઓને, ૬૫૦વિદ્યાર્થીઓને, ૪૮૨ રમતવીરોને તેમજ સ્થાનિક કલાકારીગરોને એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત મેરી કહાની મેરી જુબાની અંતર્ગત ૩૪૭ લાભાર્થી દ્વારા સાફલ્ય ગાથા રજુ કરવામાં આવેલ. ૩૪૫ ગામોમાં ડ્રોન નિદર્શન તેમજ ખાસ 'સોઈલ હેલ્થ કાર્ડ' ઝૂંબેશ અંતર્ગત ૨૬૬૨ નિદર્શન કરાયા છે. જીલ્લામાં જૈવિક ખેતી કરતા ૮૦૪૯ જેટલા ખેડૂતો સાથે વાર્તાલાપ પણ યોજાયો છે. ૩૧૬ ગ્રામ પંચાયતો ૧૦૦ % આયુષ્યમાન કાર્ડ ધરાવે છે. વધુમાં ૩૧૮ ગ્રામ પંચાયતોને ૧૦૦ % પી.એમ.કિસાન યોજના અંતર્ગત સાંકળી લેવામાં આવી છે. આ સાથે ૩૧૫ ગ્રામ પંચાયતો ઓ.ડી.એફ.પ્લસ જાહેર કરવામાં આવી છે. જ્યારે ૩૨૬ ગ્રામ પંચાયતોનો ૧૦૦ % જમીન રેકર્ડ ડિજીટાઇઝ કરવામાં આવ્યો છે. તદુપરાંત દરરોજના કાર્યક્રમમાં ધરતી કહે પુકાર કે નુક્કડ નાટક રજુ કરવામાં આવ્યા છે.

## નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ (ગુજરાત સરકાર)
## ઈ પ્રોકયોરમેન્ટ ટુંકી જાહેર નોટીસ નં.“૧૪” સને ૨૦૨૩-૨૪

ગુજરાત રાજયના રાજયપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેરશ્રી, પાનમ સિંચાઈ વિભાગ, ગોધરા ૨/૩૫, જીલ્લા સેવાસદન-૨, બીજોમાળ, કલેકટર કચેરી કમ્પાઉન્ડ, ગોધરા-૩૮૯૦૦૧ જી.પંચમહાલ દ્વારા યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઈજારદારો પાસેથી કુલ-૧૫(પંદર) કામો રૂ.૪.૭૨ થી રૂ.૧૯.૪૧ લાખના ઓન લાઈન ટેન્ડર બી-૧/SBD ફોર્મમાં ભાવો મંગાવવામાં આવે છે.

(૧) ઉપરોકત કામોના ભાવપત્રક ઓનલાઈન રજૂ કરવાની છેલ્લી તા.૦૮/૦૧/૨૦૨૪ સાંજના ૧૮:૦૦ કલાક સુધી છે. (૨) ટેન્ડર ખોલવાની તા.૧૬/૦૧/૨૦૨૪ ના રોજ ૧૨.૦૦ કલાકે (૩) ટેન્ડર ફી અને બીજા અન્ય દસ્તાવેજો (ફીઝીકલ ફોર્મ) (ડી.ડી. ટેન્ડર ફી અને (ઇએમડી, એફ.ડી.આર.) કાર્યપાલક ઇજનેર, પાનમ સિંચાઇ વિભાગ, ગોધરાના નામે રજુ કરવાના રહેશે અન્યથા ટેન્ડર ધ્યાને લેવામાં આવશે નહિ જેની નોંધ લેવી અને બેંક સોલવન્સી રજુ કરવાની છેલ્લી તા.૧૫/૦૧/૨૦૨૪ સાંજના ૧૮.૦૦ કલાક સુધી.

વધુ વિગત માટે વિગતવાર નોટીસ તેમજ અત્રેની કચેરીનો સંપર્ક કરવા તથા વેબસાઇટ http://tender.nprocure.com જોઈ લેવા વિનંતી.

માહિતી/ગોધરા/૭૪૭/૨૦૨૪

## -: જાહેર નિવિદા :-

પંચમહાલ જિલ્લાની કલેકટર કચેરી ગોધરા ખાતે ઉપયોગમાં ન લઈ શકાય તેવા તુટેલા ફર્નિચર-(૧) લોખંડની રિવોલ્વીંગ ચેર (૨) સાદી ખુરશી (૩) નેટ વળી લોખંડની ખુરશી (૪) નેટ વાળી લાકડાની ખુરશી (૫) લાકડાનું કોમ્પ્યુટર ટેબલ (૬) લોખંડના ટેબલ (૭) લાકડાનું ખાનાવાળુ ટેબલ (૮) પ્લાસ્ટીકની ખુરશી તથા અન્ય બિનવપરાશી લોખંડની તુટેલી વસ્તુઓનો નિકાલ કરવાનો છે. રસ ધરાવતા ઈસમોએ તા.૦૫/૦૧/૨૦૨૪ ના રોજ સેવા સદન-૧, કલેકટર કચેરી પંચમહાલ ગોધરાની રેકર્ડ શાખા ખાતે સવારના ૧૧:૦૦ કલાકે પોતાના ભાવપત્રકો(ઉચ્ચક ભાવ) સાથે હાજર રહેવુ. તુટેલુ ફર્નિચર જોવા માંગતા ઈસમો તા.૦૪/૦૧/૨૦૨૪ ના રોજ કચેરીના સમય દરમ્યાન રેકર્ડ શાખાની મુલાકત લઈ શકશે. જે કોઈ વેપારીના ભાવ વધુ હશે તેને તુટેલુ ફર્નિચર જે-તે સ્થિતીમાં સ્વખર્ચે ઉપાડી લઈ જવાનું રહેશે તથા તેની રકમ તે જ દિવસે રોકડમાં આપવાની રહેશે.

નં.રેકર્ડ/ફર્નિચર-નાશ/વશી/૦૧ થી ૧૨/૨૦૨૪

નિવાસી અધિક કલેકટર
પંચમહાલ-ગોધરા

માહિતી/ગોધરા/૭૪૬/૨૦૨૪